વડીલોને વંદન અભિનંદન

કલાબેન નટવરલાલ ત્રિવેદી
(૧૯૪૫) ફોન : ૨૩૨૨૪૩૦૪

યુનિવર્સિટીમાં ચીફ એકાઉન્ટ ઓફિસરપદનો વકરેલો વિવાદ

ગુજરાત યુનિવર્સિટીના પ્રતિનિધિઓ દ્વારા શિક્ષણ વિભાગ સમક્ષ વિગતો રજુ કરાયા બાદ નવેસરથી જ ભરતી કરાશે

અમદાવાદ, તા.૧૮

ગુજરાત યુનિવર્સિટીના ચીફ એકાઉન્ટ ઓફિસર તરીકે સિન્ડીકેટ દ્વારા તાજેતરમાં પુનઃ નિમણુંક કરવામાં આવેલ મિનેશ શાહની નિમણુંક બાબતે મુખ્યમંત્રી સ્વાગત ઓનલાઈનમાં ફરીયાદ કરાઈ હતી. સ્વાગત ઓનલાઈનમાં કરાયેલી ફરીયાદના પગલે શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાત યુનિવર્સિટી પાસેથી મિનેશ શાહની ચીફ એકાઉન્ટ ઓફિસર તરીકેની ગેરકાયદેસર નિમણુંક બાબતે રૂબરૂમાં હાજર રહીને વિગતો રજુ કરવા જણાવ્યું હતું, જે અંતર્ગત ગુજરાત યુનિવર્સિટીના પ્રતિનિધિઓ આ અંગેની વિગતો શિક્ષણ વિભાગ સમક્ષ રજુ કર્યા બાદ ચીફ એકાઉન્ટ ઓફિસર માટે નવેસરથી ભરતી કરાય તેવી શક્યતા વ્યક્ત કરાઈ રહી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્ય સરકારે ૩૧મી મે ૨૦૧૨ના રોજ ગુજરાત યુનિવર્સિટીને આદેશ કરીને મિનેશ શાહની ગેરકાયદેસર નિમણુંક સામે કાર્યવાહી કરીને ૧૫ દિવસમાં અહેવાલ આપવા માટે જણાવેલ, અને જો તેમ કરવામાં નહીં આવે તો ગુજરાત યુનિવર્સિટીને આપવામાં આવતી ગ્રાન્ટ અંગે પુનઃ વિચારણા કરાશે તેવી પણ ચીમકી અપાઈ હતી. આ આદેશના પગલે અગાઉના કુલપતિ દ્વારા મિનેશ શાહને નોકરીમાંથી છુટા કરાયા હતા.

આ અંગે નિર્ણય ૧૧-૪ હેઠળ લેવાયો હોવાથી સિન્ડીકેટની બેઠકમાં અપીલ કરવા ટ્રિબ્યુનલે જણાવેલ, મિનેશ શાહની અપીલને ધ્યાનમાં લઈને ગુજરાત યુનિવર્સિટીની સિન્ડીકેટે મિનેશ શાહને પુનઃ નિયુક્ત કરવાનો ઠરાવ સપ્ટેમ્બર-૨૦૧૩માં કર્યો હતો.

આ અંગેની સપ્ટેમ્બરમાં મુખ્યમંત્રીની સ્વાગત ઓનલાઈનમાં ફરીયાદ કરાઈ હતી. જે અંતર્ગત શિક્ષણ વિભાગને આ ફરીયાદ અન્વયે કાર્યવાહી કરવાની સૂચના અપાઈ હતી. જેના પગલે શિક્ષણ વિભાગે ગુજરાત યુનિવર્સિટીના રજીસ્ટ્રારને દસ્તાવેજો સહિત રૂબરૂમાં વિગતો રજુ કરવા જણાવ્યું હતું. જો કે સુત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ યુનિવર્સિટીએ મિનેશ શાહને દૂર કરવાનો નિર્ણય લઈ લીધો છે અને નવા ચીફ એકાઉન્ટ ઓફિસરની નિમણુંક માટે ટુંક સમયમાં ઈન્ટરવ્યૂ બહાર પાડવામાં આવે તેવી શક્યતા છે.

દાણીલીમડા બહેરામપુરામાં સગીર યુવતીના અપહરણ અને બળાત્કાર કેસમાં પોલીસની નિષ્ક્રીયતા સામે આક્રોશ વધી રહ્યો છે આના સંદર્ભમાં ઘણા વિસ્તારમાં સજ્જડબદ્ધ પાડવામાં આવ્યો હતો અને કેંડલ માર્ચ યોજાયા હતા.

રાજ્યના ઘણા ભાગોમાં ફરીવખત તાપમાનમાં વધારો

ગાંધીનગર, તા.૧૮

અમદાવાદ સહિત ગુજરાતમાં ડિસેમ્બરની પુર્ણાહુતી થવા આવી હોવા છતાં હજુ પણ અપેક્ષા મુજબની ઠંડીનુ જોર દેખાઈ રહ્યું નથી. આને લઈને સામાન્ય લોકોમાં ચર્ચા જોવા મળી રહી છે. ગઈકાલે ઠંડીનો ચમકારો નોંધાયા બાદ આજે ફરી એકવાર ઠંડીનું જોર ઘટી ગયું હોવાનું જાણવા મળ્યું હતું.

મોટાભાગના વિસ્તારોમાં તાપમાનમાં વધારો થયો હતો અને આજે ગઈકાલની સરખામણીમાં ઓછી ઠંડીનો અનુભવ લોકોએ કર્યો હતો. મિશ્ર વાતાવરણના કારણે લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. શરદી, ઉધરસ, તાવના વ્યાપક કેસો સપાટી પર આવ્યા છે. પાણીજન્ય રોગચાળો એકાએક જોવા મળી રહ્યો છે. ગઈકાલની સરખામણીમાં આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાનમાં વધારો થયો હતો. અમદાવાદ ઉપરાંત ડિસા, ગાંધીનગર, વલસાડ, અમરેલી, નલિયા સહિતના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં એકાએક વધારો થયો છે. જેથી ઓછી ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. હવામાન વિભાગે માહિતી આપતા કહ્યું છે કે, અમદાવાદમાં આવતીકાલે લઘુત્તમ તાપમાન આજની સરખામણીમાં ઘટીને ૧૧ ડિગ્રીની આસપાસ રહી શકે છે. પાટનગર ગાંધીનગરમાં ગઈકાલના ૯.૮ ડિગ્રીની સરખામણીમાં આજે લઘુત્તમ તાપમાન વધીને ૧૦.૨ ડિગ્રી થઈ ગયુ હતું. તાપમાનમાં એકાએક વધારો થવા માટે પણ કેટલાક કારણો જવાબદાર દેખાઈ રહ્યા છે. જોકે ગરમ વસ્ત્ર બજારમાં હાલમાં લોકોનો ઘસારો જોવા મળી રહ્યો છે. ઠંડી વધશે તેમ લોકો માની રહ્યા છે જેથી ગરમ વસ્ત્રોની ખરીદી વધારે કરવામાં આવી રહી છે.

શિષ્યવૃત્તી માટે જાતિ-આવક દાખલા મેળવવા હેરાનગતિ

પ્રમાણપત્રો ટીડીઓ અને મામલતદાર ઓફિસ આપે છે પરંતુ સહિ-સિક્કાના હઠાગ્રહથી અનેક તકલીફો થાય છે

અમદાવાદ, તા.૧૮

સમાજ કલ્યાણ વિભાગ દ્વારા સામાજિક, શૈક્ષણિક પછાત તેમજ અન્ય પછાત વર્ગના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ફાળવવામાં આવે છે જોકે આ શિષ્યવૃત્તિ મેળવવા માટે વિદ્યાર્થીઓએ જાતિ અને આવકના પ્રમાણપત્રો રજુ કરવાના હોય છે જે પ્રમાણપત્રો ટીડીઓ અને મામલતદાર ઓફીસ કાઢી આપવામાં આવે છે. જેમાં ઘણીવાર મામલતદારના જ સહી-સિક્કાનો હઠાગ્રહ રાખવામાં આવતા વિદ્યાર્થીઓ આર્થિક નુકશાન પણ ભોગવવું પડતું હોય છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મંજુર કરવામાં આવે છે જેની સાથે આવક-જાતિના દાખલા, સક્ષમ અધિકારીના કઢાવેલ હોય તો તે માત્ર ફોર્મની સાથે સામેલ કરવાના હોય છે. પરંતુ કેટલીક શાળાઓ દ્વારા ફોર્મની અંદર જાતિ અને આવકના દાખલાનો આગ્રહ રાખવામાં આવતો હોય છે જેના કારણે વિદ્યાર્થીઓનો સમય બગડે છે તેમજ આવા વિદ્યાર્થીઓની સાથે વાલીઓએ પણ બે થી ત્રણ દિવસનો સમય વેડફાતા આર્થિક નુકશાન પણ સહન કરવું પડી રહ્યું છે. ઘણીવાર ટીડીના સહી-સિક્કા હોવા છતાં શાળાઓ ફોર્મમાં મામલતદારના સિક્કાનો આગ્રહ રાખતા આ બાબતે મામલતદારે સમાજ કલ્યાણ અધિકારીને લેખિત રજુઆત કરવા સમાજ કલ્યાણ અધિકારીએ જણાવ્યું હતું કે સક્ષમ અધિકારીનો આવક જાતિનો દાખલો હોય તો માત્ર પ્રમાણિત ઝેરોક્ષ નકલ સામેલ રાખવી હોય છે ફોર્મની અંદર સહી-સિક્કાની જરૂર નથી જેના આધારે શિષ્યવૃત્તિ મંજુર થઈ શકે છે.

બિનપરવાનગીના બાંધકામોને સીલ કરાયા

અમદાવાદ, તા.૧૮

શહેરના દક્ષિણ ઝોનના મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ત્રણ બિનપરવાનગીના બાંધકામોને સીલ કરવામાં આવ્યા છે. જેમાં લાંભામાં ૨૦ બિનપરવાનગીનાં રહેઠાણો, નારોલમાં બિનપરવાનગીના ઈન્ડસ્ટ્રીયલ એકમોમાં ૨૪૦૦ ચો.ફુટ તેમજ વટવાના ઈમામબકર રેસીડેન્સી નામની રહેઠાણની સ્કીમમાં બિનપરવાનગીની બાંધકામ દુર કરી ૩૪૦૦ ચો.ફુટ જગ્યા ખાલી કરવામાં આવી છે. આ ત્રણેય બિનપરવાનગીના બાંધકામોને નોટિસ ફટકારવા છતાં પણ બાંધકામ ચાલુ રાખવામાં આવ્યું હતું. જેમાં કોમર્શિયલ તથા ઈન્ડસ્ટ્રીયલ તથા રહેઠાણના કુલ ૨૨ એકમોને દક્ષિણઝોનના એસ્ટેટ ખાતાના દબાણ વિભાગ સહિતના સ્ટાફ દ્વારા સીલ કરવામાં આવ્યા છે.

જીટીયુ પરીક્ષા લીક મામલે અંતે તપાસ સમિતિ રચાઈ

ત્રણ સભ્યોની રચવામાં આવેલી સમિતિ ખૂબ જ ઝડપથી તપાસ કરીને માત્ર સાત દિવસમાં પોતાનો અહેવાલ આપશે

અમદાવાદ, તા.૧૮

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા એલડી ઈજનેરી કોલેજમાં લેવાઈ રહેલ સેમેસ્ટર-૪ની એટીકેટી પરીક્ષામાં ગણિતનું પેપર લીક થવા મામલે વિવાદ વકરતો જાય છે. જીટીયુ દ્વારા પરીક્ષા દરમિયાન પેપર લીક કરવા બદલ પાર્થ પ્રજાપતિ નામના વિદ્યાર્થી સામે ક્રાઈમબ્રાન્ચમાં ફરીયાદ નોંધાવી છે. આ ઉપરાંત સમગ્ર કૌભાંડની તપાસ માટે ત્રણ સભ્યોની તપાસ સમિતિ રચવામાં આવી છે જે સાત દિવસમાં પોતાનો રિપોર્ટ રજુ કરશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ જીટીયુની એટીકેટીની પરીક્ષા દરમિયાન વોટ્સઅપની મદદથી પેપર લીકનો મામલો અમદાવાદ ક્રાઈમબ્રાન્ચ સુધી પહોંચી ગયો છે. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા પાર્થ પ્રજાપતિ નામના વિદ્યાર્થી વિરૂદ્ધમાં ક્રાઈમબ્રાન્ચમાં ફરીયાદ નોંધાવી છે. આ ઉપરાંત આ પ્રશ્નપત્ર કઈ રીતે વોટ્સઅપ પર આવ્યું ? કોણે મોકલ્યું ? અને આ સમગ્ર પ્રકરણ પાછળ કોઈ રેકેડ જોડાયેલ છે કે કેમ ? તે વગેરે પ્રશ્નોની તપાસ માટે ત્રણ સભ્યોની તપાસ સમિતિની રચના કરવામાં આવી છે.

જે સમગ્ર પ્રકરણની તપાસ કરીને સાત દિવસમાં પોતાનો રિપોર્ટ સબમીટ કરશે. આ ઉપરાંત જીટીયુ દ્વારા પરીક્ષા દરમિયાન વર્ગખંડમાં મોબાઈલ લઈ જવા ઉપર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. આ અંગે જીટીયુના કાર્યકારી રજિસ્ટાર જી.પી. વડોદરીયાએ જણાવ્યું હતું કે પેપર લીક થવાના સમગ્ર પ્રકરણની તપાસ શરૂ કરી દેવામાં આવી છે. આ માટે ત્રણ સભ્યોની ટીમ તપાસ સમિતી બનાવી છે. જે સાત દિવસમાં પોતાનો રિપોર્ટ સબમીટ કરશે. જેના આધારે વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી સંબંધીત વિદ્યાર્થીને પરીક્ષા આપવા ઉપર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે અને ક્રાઈમબ્રાન્ચમાં ફરીયાદ પણ નોંધવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે જીટીયુ દ્વારા સેમેસ્ટર-૪ની એટીકેટીની પરીક્ષાનું આયોજન કરાયું છે જેમાં મંગળવારે ગણિતનું પેપર હતું જે પરીક્ષા દરમિયાન પાર્થ પ્રજાપતિ નામનો વિદ્યાર્થી કાપલીમાંથી પ્રશ્નોના જવાબો લખતો હોવાનું સુપરવાઈઝરના ધ્યાનમાં આવ્યું હતું. આ કાપલી પકડાતા તેની સખતાઈથી તપાસ કરતાં તેને આખું પ્રશ્નપત્ર વોટ્સઅપ પર મળી ગયું હોવાનું બહાર આવતા સત્તાધીશો પણ ચોકી ઉઠ્યા હતા. વધુ તપાસમાં આ પ્રશ્નપત્ર જીત વણકરીયા નામના છોકરાએ મોકલ્યું હોવાનું જાણવા મળ્યું હતું અને વોટ્સઅપ ઉપર શેર કરવામાં આવ્યું હતું.

વકીલો માટે પેન્શન યોજના સંદર્ભે ૫૦૦ કરોડની માંગ

અમદાવાદ, તા.૧૮

સ્વતંત્ર વ્યવસાય ગણાતા વકીલાત માટે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા પેન્શન યોજના અંગેનો મુસદ્દો તૈયાર થઈ ચૂક્યો છે. રાજ્યભરના ગુજરાત હાઈકોર્ટના વકીલો તેમજ બાર કાઉન્સિલમાં રજીસ્ટર્ડ થયેલા તમામ વકીલો માટે પેન્શન યોજના આગામી સમયમાં શરૂ થશે.

૧૯૬૪માં બાર કાઉન્સિલની સ્થાપના થઈ હતી જેમાં વકીલના મૃત્યુ બાદ નાણાંકીય સહાય મળે છે. પણ આ સહાય પૂરતી ન હોવાથી વકીલોને નિવૃત્તિ બાદ પણ કેટલીક નિયમિત રકમ મળવા સહિત મેડીકલ વગેરેની સુવિધાઓ પ્રાપ્ત થાય તેમજ પ્રેક્ટિસની શરૂઆતમાં વકીલોને ભરણપોષણનો ખર્ચ કાઢવામાં મદદરૂપ થઈ શકાય તે માટે સ્ટાઈપેન્ડ સહિતના મુદ્દાઓ સાથે બાર કાઉન્સિલ કેન્દ્ર સરકાર સમક્ષ સિંગલ ટાઈમ ૫૦૦ કરોડની મદદ માંગી છે.

પેન્શન યોજના અંગે વધુ માહિતી આપતા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન અનિલ સી. કેલ્લાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ૭૫,૦૦૦ હજાર જેટલા વકીલો છે. જેમાં ૧૨ ટકા જેટલા વકીલો ૬૦ વર્ષથી ઉપરની ઉંમરના છે. વકીલોને પેન્શન મળી રહે તેના માટે અમે એક વર્ષથી કામગીરી કરી રહ્યા છીએ ઉપરાંત રાજ્ય અને કેન્દ્ર સરકાર સાથે વાટાઘાટો પણ ચાલુ છે.

બાર કાઉન્સિલ ઓફ ગુજરાત સહિતના સભ્યો તાજેતરમાં કેન્દ્રિય કાયદા પ્રધાન કપિલ સિબ્બલને મળ્યા હતા જેમાં વકીલો માટે પેન્શનની યોજના અરથે સિંગલ ટાઈમ ૫૦૦ કરોડ રૂપિયાની માંગ કરી છે. આ મુદ્દે ચર્ચા પણ થઈ હતી આ મુદ્દે આગામી સમયમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્યો ફરીથી કપિલ સિબ્બલને મળશે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાત તરફથી ૫૦૦ કરોડની સિંગલ ટાઈમ માંગ કરી છે. જેમાં ૧૦૦ કરોડ પેન્શનનિધી, ૫૦ કરોડ દાવાઓના નિકાલ માટે ઉપરાંત મેડિકલ અને ઈન્સ્યોરન્સ માટે નાણાં વાપરવાની જોગવાઈ મુકવામાં આવી છે. અનિલ કેલ્લાએ વધુમાં જણાવ્યું હતું કે આગામી ટૂંક સમયમાં તમામ વકીલો માટે પેન્શન યોજના શરૂ થઈ જશે.

થર્ટી ફર્સ્ટની ઉજવણી માટે અમદાવાદ લવાતો લાખોનો વિદેશી દારુ ઝડપાયો

અમદાવાદ, તા.૧૮

થર્ટીફર્સ્ટની આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે આ ઉજવણી માટે બહારનાં રાજ્યમાંથી અમદાવાદ અને ગુજરાતમાં વિદેશી દારુના જથ્થા સાથે આશરે રૂા. એક કરોડનો વિદેશી દારુનો મુદ્દામાલ કબજે કર્યોછે. કરજણ પાસે ઝડપાયેલો આ જથ્થો અમદાવાદના કોઈ નામચીન બુટલેગરે મંગાવ્યો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

આ અંગેની વિગત એવી છેકે અમદાવાદના કોઈ નામચીન બુટલેગરે વિદેશી દારુનો જંગી જથ્થો હરિયાણાથી મંગાવ્યો છે અને આ જથ્થો અમદાવાદ તરફ ટ્રકમાં રવાના પણ કરી દેવાયો છે. આ બાતમીના આધારે પોલીસે વડોદરા-કરજણ રોડ પર સઘન વોચ ગોઠવી હતી. દરમ્યાનમાં મોડી રાત્રે ૩-૦૦ વાગ્યે હરિયાણા પાસિંગની ટ્રક પૂરઝડપે પસાર થતાં પોલીસે તેના ફિલ્મીઢબે પીછો કરી ટ્રકને આંતરી લીધી હતી. ત્યાર બાદ ટ્રકની જડતી કરતાં તેમાંથી વિદેશી દારુની બોટલો ભરેલી ૧૦૫૦ જેટલી પેટીઓ મળી આવી હતી, જેની કિંમત આશરે ૫૦ લાખ જેટલી થવા જાય છે.

શબ્દાવલી - ૫૨૬૧

૧	૨	૩		■	૪	૫	૬
૭			■	૮			
	■		■		■	૯	
		૧૦	૧૧		૧૨		■
■	૧૩	■		■		■	૧૪
૧૫		૧૬		■		■	
૧૭				■		૧૮	
	■		■	૧૯			

આડી ચાવી

૧. આવવું તે, પધારવું (૪)
૪. રિબીન, બોપટ્ટી (૩)
૭. આશ્ચર્યજનક (૩)
૮. આ ઋતુમાં વૃક્ષના બધા પાન ખરી જાય છે (૪)
૯. મોક્રો, લાગ (૨)
૧૦. કંકાસણ, કજીયા કર્યા કરે તેવું (૫)
૧૫. દાન, ખેરાત (૪)
૧૭. ભણેલું તે, શિક્ષણ (૪)
૧૮. લંબાઇનું એક માપ (૨)
૧૯. જાદુ, આશ્ચર્યનો દેખાવ (૪)

ઊભી ચાવી

૧. ભોગળ, કડી (૪)
૨. હાથી (૨)
૩. અઢળક (૪)
૪. એક સાબુનું નામ (૨)
૫. કવચ, લોઢાનો પોશાક (૪)
૬. નર્ક, જહન્નમ (૩)
૮. પાપી, (તુચ્છકારમાં) (૩)
૧૧. જીવન (૪)
૧૨. ઘર, મકાન (૩)
૧૩. પ્રશંસા, તારીફ (૩)
૧૪. વેર, અંટશ (૪)
૧૫. થી ભરપુર (૩)
૧૬. દેશ, મૂળ, ભૂમિ (૩)
૧૮. ગામડુ (૨)

શબ્દાવલી ૫૨૬૦ના જવાબ

આડી ચાવી :- (૧) મારગ (૩) ખાનાર (૫) વાક્યાતુર્ય (૮) સરાહનીય (૧૧) સ્તુતિ (૧૨) રોજ (૧૩) જનાજો (૧૫) બથ (૧૬) રસાળ (૧૮) સસલુ (૨૦) રાંદલ (૨૨) રનર (૨૪) છાશ (૨૫) વાદળ

ઊભી ચાવી :- (૧) માનસરોવર (૨) ગવાહ (૩) ખાતુ (૪) નાર્યસ્તુ (૬) કનીજ (૭) ચાયનાગ્રાસ (૯) રાજ (૧૧) તીરથ (૧૪) બળદ (૧૫) બલુન (૧૭) સારાંશ (૧૯) સરળ (૨૧) લવા (૨૩) રથ

કંપની સમાચાર

અમદાવાદમાં પ્રથમ વાર કર્મની સાચી ૭ પદ્ધતિ જાણવા ડો. ધારા પટેલ દ્વારા અનોખો સેમિનાર

માનવી જીવનમાં અનેક સમસ્યાઓનો સામનો કરે છે, અંગત, પારિવારીક, વ્યવસાયીક, શારીરિક, એવી સમસ્યાઓમાં મુંઝાતો રહે છે. અને આવા સમયે એ સમાધાન મેળવવા મોટા ઉપાયો જ વિચારે છે, પરંતુ સમાધાન મેળવી શકતો નથી. હંમેશા દૂરનું જ વિચારે છે પરંતુ પોતાની નજીક જોતો નથી. જીવનમાં આવું જ બને છે. નજીક હોય તેની કિંમત કયારેય સમજાતી નથી એ દૂર જાય પછી જ એની કિંમત સમજાય છે. જેમ કે મા-બાપ પાસે હોય ત્યારે કિંમત ના સમજાય પરંતુ પોતાનાથી દૂર જાય કે ના હોય ત્યારે સમજાય એવી જ રીતે મિત્ર, સગા, સંબંધી કે આત્મજન દૂર જાય ત્યારે સમજાય, માનવી દૂર જોયા કરશે પરંતુ પોતાની ભીતર નહીં જોવે અને પોતાની ભીતર છુપાયેલી અગણિત સૂક્ષ્મ ઊર્જા શક્તિઓનો ખ્યાલ હોતો નથી કારણ એણે દૂર દૂર મજર કરી છે ભીતર નહીં, માણસ આ સૂક્ષ્મ ઉર્જાઓનો ઉપયોગ જાણી લે તો અનેક સમસ્યાઓ ઉકેલ જાણી શકે, લાવી શકે અને આદર્શ, નિશ્ચિત જીવન માણી શકે, આફમા શરીરમાં ૭ સૂક્ષ્મ ચક્રો છે જે બ્રાહ્માંડની ઉર્જાની ઉર્જાનું કેન્દ્ર છે. આ આપણા વાણી વર્તનની અસર આ ચક્રો પર થાય છે.

આ સમગ્ર ચક્રો, ચક્રોની હકારાત્મક અસરો, ફાયદાઓ, જો ચક્રો નબળા હોય તો જે તે ચક્રોની સમસ્યાઓ અને સમાધાન માટે આ વિશેષ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શાસ્ત્રોકત પદ્ધતિથી ઉપચાર આપવામાં આવશે. તેમજ થીયરીકલ અને પ્રેકટીકલ જ્ઞાન આપવામાં આવશે. તા. ૨૧ ડિસેમ્બરના રોજ સાંજે ૫.૩૦ કલાકે રાજપથ કલબ ખાતે યોજેલ આ સેમિનારમાં પધારો, તમારી જિંદગીમાં પરિવર્તન આવી જશે. આધ્યાત્મિક આ સેમિનારમાં શ્રી નીતીશ ભારદ્વાજ (મહાભારત સીરીયલના શ્રીકૃષ્ણ) ઉપસ્થિત રહેશે. સૌને વિનંતી છે માનસિક તણાવ, પાણાંકિય મૂંઝવણ, સંબંધોમાં તણાવ વગેરેમાંથી મુક્ત થઈ સુખી, શાંત, હકારાત્મક વિચાર શૈલીને વિકસાવવા ડૉ. ધારા પટેલના આ સેમિનારનો લાભ લેવો જ જોઈએ!

યુનિક આઈડી.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રોજેક્ટ અમલમાં મુકાયો હતો. આ વર્ષે દરેક શાળાના આચાર્યોને આ વખતે કડક તાકીદ કરવામાં આવી છે.

શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલ સુત્રોના જણાવ્યાનુસાર બાળકને આપવામાં આવેલ આઈ.ડી. નંબરને અધિકૃત ગણીને બાળક તેના પ્રારંભિક શિક્ષણ પ્રવાહથી પૂર્ણ કરે ત્યાં સુધી તેના શાળા છોડવાના પ્રમાણપત્રમાં શાળા બદલવાના પ્રમાણપત્રમાં અને અન્ય યોજનાઓમાં બાળકના આધાર આઈ.ડી. નંબરનો ઉલ્લેખ કરવાનો ફરજીયાત રહેશે.

આ આધાર યુનિક આઈડી નંબર મેળવવાની જવાબદારી પ્રા. શાળાની રહેશે. આર.ટી.ઈ. એક્ટની જોગવાઈ મુજબ ઉંમરની સાબિતીના અભાવે કોઈ બાળકને શાળામાં પ્રવેશનો ઈન્કાર કરી શકાતો નથી.

૧૮ ડિઝીટનો આ યુનિક આઈ.ડી. સાથેના ડેટાબેઈઝમાં બાળકની જન્મતારીખ, વર્ગ, સામાજિક જાતિ, પ્રવેશ તારીખ, પ્રવેશ નંબર, ધર્મ, બાળક બી.પી.એલ. પરિવારનું છે કે કેમ, શિક્ષણનું માધ્યમ સહિતની વિગતો આ ડેટાબેઈઝમાં એકત્ર કરાશે.

ગાંધીનગર જિલ્લાની ૬૮૩ પ્રા. શાળાઓનો ડેટાબેઈઝ તૈયાર કરવાની કામગીરી હાલ પૂરજોશમાં ચાલી રહી છે જે આ માસના અંત સુધીમાં પૂર્ણ થઈ જશે તેમ મનાઈ રહ્યું છે.

ગાંધીનગર શહેર નબળુ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જેની ૨૨ પ્રા. શાળાએ **'A'** ગ્રેડ મેળવ્યો છે જ્યારે ગાંધીનગર તાલુકાની ૨૧ શાળાઓએ જ **'A'** ગ્રેડ મેળવ્યો છે.

ગાંધીનગર તાલુકાની ૨૧ શાળાઓએ એ ગ્રેડ મેળવ્યો છે. તેમાં ગાંધીનગર શહેરની માત્ર ૩ શાળાઓ જ એ ગ્રેડ મેળવી શકી છે. જેમાં બે શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારની પ્રા. શાળા છે જ્યારે ગાંધીનગર શહેરની સે. ૧૬(૧) પ્રા. શાળા જ એ ગ્રેડ મેળવવામાં સફળ રહી છે.

આમ ગાંધીનગર શહેરમાંથી રાજયભરની પ્રા. શાળાઓના ગુણોત્સવનું આયોજન થાય છે પરંતુ ગાંધીનગર શહેરનું પ્રાથમિક શિક્ષણનું સ્તર કેટલી હદે કથળી ચુક્યું છે તેનો આ પુરાવો છે.

બોરીજ અને બાસણની પ્રા. શાળાએ એ ગ્રેડ મેળવ્યો છે. ગાંધીનગર શહેરની સાત પ્રા. શાળાઓએ સી ગ્રેડ મેળવ્યો છે જે ગાંધીનગર શહેર માટે સૌથી શરમજનક ઘટના લેખી શકાય.

ગુણોત્સવના જાહેર થયેલ પરિણામમાં જિલ્લાની ત્રણ શાળાઓ એ+ ગ્રેડ મેળવ્યો છે, ૧૩૭ શાળાઓ **'A'** ગ્રેડ, ૪૬૫ શાળાઓએ બી ગ્રેડ, ૬૨ શાળાઓએ 'સી' ગ્રેડ અને ૧૬ શાળાઓએ 'ડી' ગ્રેડ મેળવ્યો છે.

જિલ્લાની જે ટોપ ટેન સ્કૂલ આ પરિણામની સાથે જાહેર કરવામાં આવી છે તેમાં પણ ગાંધીનગરની એક પણ સ્કૂલનો સમાવેશ થતો નથી. પ્રથમ ક્રમે ગઢવી વસાહત ખાનપુર દહેગામની શાળા ૯.૩૮ માર્કસ મેળવી આવી છે. બીજા ક્રમે માછંગમાની, અને ત્રીજા ક્રમે કલ્યાણજીના મુવાડાની મોટાના મુવાડા પ્રા. શાળા આવે છે. જિલ્લાની ટોપ ટેનમાં દહેગામની પાંચ પ્રા. શાળા, માણસાની ચાર પ્રા. શાળા અને કલોલની એક પ્રા. શાળા આવી છે.

આમ ગાંધીનગરમાં દિવા તળે અંધારૂ સર્જાયું છે. ગાંધીનગર શહેરની આવતીકાલ કેવી હશે તેને લઈ શિક્ષણ પ્રેમીઓમાં ચિંતાની લ્હેર પ્રસરી જવા પામી છે. ગાંધીનગર શહેરમાં કથળતા જતા શિક્ષણને લઈ વારંવાર અખબારી અહેવાલો પ્રગટ થતા રહ્યા છે પણ તંત્રની આંખ હજુ ખુલી નથી.

રાજયમાં સરકારે અત્યાર સુધીમાં ચાર ગુણોત્સવના આયોજન કર્યા છે. તેમાં ક્રમશઃ જિલ્લાનો ક્રમાંક સુધર્યો જરૂર છે પણ ગાંધીનગર શહેર અને તાલુકા માટે ચિંતા અત્યંત નિરાશાજનક ઉપસી આવ્યુ છે તે એક સત્ય હકીકત છે.

હક્કદાર બનશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જે વરસમાં જગ્યા ઉપલબ્ધ બને તે વરસમાં નિર્દિષ્ટ કરેલી તારીખ સુધીમાં મળેલ અરજીઓની ચકાસણી કરીને, વિચારણાના ક્ષેત્રમાં સમાવવા માટે પચાસ ટકા ગુણાંક તેમની સેવાની મુલવણી માટે કરવામાં આવશે જ્યારે અન્ય પચાસ ટકા ગુણાંકની મુલવણી ઉમેદવાર સંબંધિત અધિકારીના ગુજરાતના ઈતિહાસ અને સાંસ્કૃતિક વારસા વિશે, ભારતના બંધારણ વિશે અને સામાન્ય બૌદ્ધિક મુલવણી ઉપર આધારીત કરવામાં આવશે. આ સંદર્ભમાં વધુ માહિતી આપતા સામાન્ય વહીવટ વિભાગના અગ્રસચિવ ધનંજય ત્રિવેદીએ જણાવ્યું હતું કે આ સમગ્ર પ્રક્રિયા યુપીએસસીના ધારાધોરણ મુજબ હાથ ધરવામાં આવશે જેમાં રાજય સરકાર દ્વારા ૫૦ ટકા મેરીટ અને ૫૦ ટકા લેખિત પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોનો ઈન્ટરવ્યૂ યુપીએસસી લેશે અને રાજય સરકાર દ્વારા મોકલવામાં આવતા પાંચ ઉત્તીર્ણ ઉમેદવાર પૈકી એક સક્ષમ ઉમેદવાર ઈન્ટરવ્યૂમાં પાસ થઈ શકશે. તેમણે ઉમેર્યું હતું કે રાજયમાં હાલમાં ૨૯૩ આઈએએસ કેડરની જગ્યાઓ છે જેમાં જીએએસ માટે ૭૮ બેઠકોનો ક્વોટા છે અને હવે તેના ૧૫ ટકા ક્વોટા પ્રમાણે હવે ૧૩ જેટલી બેઠકો રેવન્યુ અને સહકાર સિવાયના અન્ય વિભાગોમાંથી નોમીનેટ કરી ભરાશે.

અણ્ણાનો જય હો..

● અનુસંધાન પહેલાનું ચાલુ

રીતે લાગુ કરવામાં આવશે નહીં ત્યાં સુધી આ કાયદો અર્થ વગરનો રહેશે. રાજય અને જિલ્લા સ્તરે વોચડોગ બોડી રાખવામાં આવશે. અણ્ણાએ સાંસદોથી લઈને રાજકીય પાર્ટીઓ, રાજયસભાની પસંદગી સમિતી અને અન્યનો આભાર માન્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, અણ્ણા હજારે મંગળવારથી અચોક્કસ મુદતથી ભૂખહડતાળ પર ઉતરેલા હતા. દરમિયાન લોકસભામાં આ બિલ પસાર થવાની સાથે જ રાલેગણસિદ્ધીમાં અનશન પર બેઠેલા અણ્ણા ઝુમી ઉઠ્યા હતા. મંચ ઉપર હાજર રહેલા કિરણ બેદીની સાથે તેઓએ તિરંગો લહેરાવીને ખુશી વ્યકતકરી હતી. અણ્ણાએ એક બાળકીના હાથે જ્યુસ પીને અનશનનો અંત લાવ્યો હતો.

ટચૂકડી જાહેરાત
વેચવાની છે
સે.૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, દુકાન નં. ૬ વેચવાની છે.
સંપર્ક :
ભગવતીલાલ એમ. તેલી
મો. : ૯૪૨૮૩ ૫૧૯૯૨